# બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરી (તા.૨૩/૧૨/૨૦૨૪ થી તા.૨૯/૧૨/૨૦૨૪ સુધી)

(૧)

તા-૨૩/૧૨/૨૦૨૪ ના કલાક-૧૫/૦૦ વાગ્યે મોજે ભાભરનવા તિરૂપતી માર્કેટમા આવેલ મુતરડીની બાજુમા ખુલ્લી જગ્યામા આ કામના ત્હોદારોએ (૧) અશોકસિંગ ચેલસિંગ જાતે-રાઠોડ ઉ.વ-૫૬ ધંધો.ખેતી રહે. ભાભરજુના તા.ભાભર જી.બનાસકાંઠા(૨) રઘુજી નગજીજી જાતે-ઠાકોર ઉ.વ-૪૫ ધંધો.મજુરી રહે.મીઠા તા.ભાભર જી.બનાસકાંઠા(૩) દશુભા અભેસિંગ જાતે-રાઠોડ ઉ.વ-૫૦ ધંધો.ખેતી રહે.ભાભરનવા તા.ભાભર(૪) વાઘાભાઇ વક્તાભાઇ જાતે-પ્રજાપતિ ઉ.વ-૭૦ ધંધો.મજુરી રહે.એટા તા.વાવ જી.બનાસકાંઠા(૫) મુકેશભા ઝેણુભા જાતે-રાઠોડ ઉ.વ-૪૦ ધંધો.ખેતી રહે.ભાભરજુના તા.ભાભર(૬) પ્રતાપસિંગ માધુભા જાતે-રાઠોડ ઉ.વ-૩૯ ધંધો.ખેતી રહે.ભાભરજુના તા.ભાભર(૭) સોમભા બચુભા જાતે-રાઠોડ ઉ.વ-૪૮ ધંધો.ખેતી રહે.ભાભરજુના તા.ભાભર(૮) કાળુભાઇ ઉર્ફે કાંતીભાઇ બનાભાઇ જાતે-પરમાર ઉ.વ-૩૯ ધંધો.મજુરી રહે.બલોધણ તા.ભાભર (૯) અશોકભાઇ નાનજીભાઇ જાતે-મોચી(વાઘેલા) ઉ.વ-૪૯ ધંધો.મજુરી રહે.ભાભરનવા(૧૧) ધીરજભાઇ કરશનજી જાતે-ઠાકોર ઉ.વ-૫૪ ધંધો.ખેતી રહે.અબાસણા તા.ભાભર(૧૨) વિપુલસિંહ હમીરસિંહ રાઠોડ રહે.ભાભરનવા તા.ભાભરવાળો ભાભરનવા તિરૂપતી માર્કેટમા આવેલ મુતરડીની બાજુમા ખુલ્લી જગ્યામા ગંજીપાના વડે તીનપતિનો હારજીતનો જુગાર રમી રમાડી સદરે નં ૦૧ થી નં ૧૧ ઇસમોની ઇસમોની અંગ જડતી અને પટ પરથી મળી કુલ રોકડ રૂ ૧૭૫૧૦ તથા મોબાઇલ નંગ ૦૮ જેની કિ રૂ ૨૬૫૦૦ ગંજીપાના નંગ ૫૨ કિ રૂ ૦૦ ૦૦ એમ મળી કુલ્લે કિ રૂ કિ રૂ ૪૪૦૧૦ ના મુદામાલ સાથે પકડાઇ જઇ અને નં ૧૨ વિપુલસિંહ હમીરસિંહ રાઠોડ રહે ભાભરનવા તા ભાભરવાળો નાસી ગઇ ગુનો કરેલ હોઇ ભાભર પોસ્ટે પાર્ટ-બી-ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૭૨૪૦૮૯૪/૨૦૨૪ જુગાર ધારા કલમ-૧૨ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૨)

તા.૨૩/૧૨/૨૦૨૪ કલાક- ૧૬/૪૦ થી કલાક-૨૦/૫૦ વાગે મોજે દીયોદર ટાઉન જુના માર્કેટ યાર્ડ પાસે આ કામના આરોપી પ્રકાશભાઇ બાબુભાઇ નાઇ રહે.રૈયાતા.દિયોદર વાળાના કબજા ભોગવટાની ખેતરપાળ હેર સલુન નામની દુકાન માંથી તેમજ તેની અંગજડતી દરમ્યાન પેન્ટ ના પાછળ ના ડાબી બાજુના ખીસ્સા માંથી મળી કુલ ૩૦૨.૩૫ ગ્રામ સુકો ગાંજો કિ.રૂ.૩૦૨૩.૫૦/- નો તથા મોબાઇલ નંગ-૧ રૂ.૫,૦૦૦/- તથા કપડા ની ઘાટા વાદળી કલરની થેલી કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ રૂ.૮૦૨૩.૫૦/-નો મુદ્દામાલ રાખી પકડાઇ ગયેલ તેમજ આ ગાંજો સુનીયા લાલુ ખેર રહે.ઉમરીયા,બડલી તા.કોટડા સાવણી જી.ઉદેપુર રાજસ્થાન વાળાએ વેચાણ કરવા સારૂ લાવી આપી મદદગારી કરી ગુનો કરેલ હોઇ દિયોદર પો.સ્ટે પાર્ટ બી ગુ.ર.નં. ૧૧૧૯૫૦૧૭૨૪૧૧૪૧/૨૦૨૪ NDPS એકટ કલમ ૮(સી), ૨૦(બી)(ii)(એ),૨૯ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૩)

તા.૨૫/૧૨/૨૦૨૪ કલાક- ૨૨/૩૦ વાગ્યે મોજે ડીસા એસ.સી.ડબ્લ્યુ હાઇસ્કુલ થી રબારીવાસ જવાના રસ્તા ની સામે વાડામાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં આ કામના આરોપીઓ (૧) સાજનભાઇ સુરેશભાઇ જાતે.પઢિયાર(માળી) ઉ.વ.૨૩ ધંધો.મજુરી રહે. ડીસા પ્રિતમનગર પહેલી ગલીમાં તા.ડીસા જી.બનાસકાંઠા મુળ રહે.ડીસા રાજપુર પીપળાગેટ બાજુમાં તા.ડીસા(૨) પ્રકાશભાઇ થાનાજી જાતે.ઠાકોર ઉ.વ.૪૪ ધંધો.મજુરી હાલ રહે ડીસા એસ.સી.ડબ્લ્યુ હાઇસ્કુલની બાજુમાં રબારીવાસ તા.ડીસા જી.બનાસકાંઠા(૩) હરેશકુમાર મેરૂજી જાતે.ઠાકોર ઉ.વ.૩૮ ધંધો.વેપાર રહે.ડીસા એસ.સી.ડબ્લ્યુ હાઇસ્કુલની બાજુમાં રબારીવાસ તા.ડીસા જી.બનાસકાંઠા ડીસા એસ.સી.ડબ્લ્યુ હાઇસ્કુલ થી રબારીવાસ જવાના રસ્તા ની સામે વાડામાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં ગંજીપાના વડે તીન પત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમી રમાડી પકડાઈ ગયેલ જે ત્રણ ઈસમોની અંગ ઝડતી માથી રોકડા રૂપીયા-૬૮૧૦/- તથા પટમાંથી રોકડા રૂ.૩૮૯૦/- મળી આમ કુલ કિંમત રૂ.૧૦,૭૦૦/- તથા ગંજી પાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ મળી એમ કુલ કિ.રૂ.૧૦,૭૦૦/- ના મુદ્દામાલ સાથે પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ ડીસા શહેર દક્ષિણ પો.સ્ટે. પાર્ટ બી. ગુ.ર.નં ૧૧૧૯૫૦૦૪૨૪૦૯૯૨ /૨૦૨૪ જુગાર ધારા કલમ-૧૨ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૪)

તા.૨૬/૧૨/૨૦૨૪ ના કલાક ૦૪/૪૫ વાગે મોજે વાસણ ચેકપોસ્ટ આ કામે આરોપી ટાટા કંપનીની આયશર ટ્રક રજી નં.GJ-05-BX-3080 ના ચાલક રામારામ સ/ઓ ખુમારામ હરારામ જાતે ગવારીયા ઉ.વ.૩૨ ધંધો-ડ્રાયવીંગ રહે.ગવારીયા કા વાસ સીણધરી ચારણાન તા-સિણધરી જી.બાલોત્રા રાજસ્થાન તથા મદનલાલ સ/ઓ કિશનજી પ્રભુજી જાતે ગવારીયા ઉ.વ.૨૬ ધંધો-મજુરી રહે. જીવાણા નહેરૂ સ્કુલની પાસે તા-સાયલા જી.જાલોર રાજસ્થાન વાળાઓએ પોતાના કબ્જાની ટ્રકમાં ગે.કા અને વગર પાસ પરમીટનો પરપ્રાંતીય ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ-૨૬૬૪ કુલ કિ.રૂ. ૨,૭૯,૭૨૦ /- તથા ટાટા કંપનીની આયશર ટ્રક નં. GJ-05-BX-3080ની કિં.રૂ.૮,૦૦,૦૦૦/ તથા મોબાઇલ ફોન-૨ કિ.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ. ૧૦,૮૯,૭૨૦ /- નો પ્રોહિ મુદ્દામાલ રાખી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ ધાનેરા પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૧૮૨૪૧૦૬૦/૨૦૨૪ પ્રોહી એકટ કલમ ૬૫એઇ, ૧૧૬ (૨),૯૮(૨),૯૯,૮૧,૮૩ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૫)

તા.૨૬/૧૨/૨૦૨૪ ના ક.૧૮/૧૫ ના સુમારે મોજે અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ આ કામના આરોપી કિશનલાલ સ/ઓ નાથુલાલ વાલજી મીણા ઉવ.૩૨ ધંધો. ડ્રાઇવીંગ રહે.સુમેરપુર ભરતસિંહ રાજપુતના ફાર્મ હાઉસ ઉપર તા.સુમેરપુર જી.પાલી મુળ રહે.રોબીયા તા. ખેરવાડા જી.ઉદેપુર (રાજસ્થાન) વાળાએ પોતાના કબ્જા ભોગવટાના મેક્સ પીકપ ડાલુ રજી નં. GJ-04-AW-7384 મા કેબીનમા નીચે ગુપ્ત ખાનુ બનાવી કેબીનમા ઘોડી જીવ(પશુ) નંગ.૦૧ ની ભરી ગે.કા અને વગર પાસ પરમીટનો વિદેશી બનાવટના દારૂની છુટ્ટી બોટલ નંગ.૨૮૭ કિ.રૂ. ૪,૩૪,૨૭૬/- ભરી હેરાફેરી કરતા મેક્સ પીકપ ગાડી કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૦૧ કિ.રૂ.૫,૦૦૦/- તથા ઘોડી જીવ નંગ.૦૧ કિ.રૂ.૫૦,૦૦૦/- એમ મળી કુલ મુદ્દામાલ કિ.રૂ.૯,૮૯,૨૭૬/- ની હેરાફેરી કરી પોલીસ નાકાબંધી દરમ્યાન પકડાઇ ગઇ તથા આ કામે પકડાયેલ દારુનો જથ્થો ભરી મોકલી આપનાર ભરતસિંહ રાજપુત રહે.રહે.લુંન્દ્રા તા.જી.પાલી (રાજસ્થાન) મોનં. ૮૮૦૫૭૬૬૩૪૩ વાળો હાજર નહી મળી આવી એકબીજાઓએ ષડયંત્ર રચી વિદેશી બનાવટના દારૂનો જથ્થો અન અધિકૃત રીતે ચોરી છુપીથી ગુજરાતમાં ધુસાડવાનુ ગુનાહીત કાવતરૂ રચી ગુનો કરેલ હોઇ તેઓ તથા પોલીસ તપાસમાં નિકળે તે તમામ ઇસમોએ સંગઠીત થઇ સિન્ડીકેટ બનાવી આર્થીક લાભ સારૂ ગુનાહીત કૃત્ય કરી ગુનો કરેલ હોઇ અમીરગઢ પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૩૨૪૦૯૨૫/૨૦૨૪ ધી પ્રોહી એક્ટ ક.૬૫એઇ ,૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩, ૯૯ તથા બી.એન.એસ. એક્ટ ક.૧૧૧(૩)(૪) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૬)

તા.૨૭/૧૨/૨૦૨૪ ના કલાક ૧૮/૪૫ વાગે મોજે થરા જુના પોલીસ ક્વાટર્સ પાસે ખુલ્લામા આ કામના તહોદારો (૧) વિક્રમસિંહ કીનુભા વાઘેલા ઉ.વ.૩૨ ધંધો.ખેતી રહે.વડા કલ્યાણી પાટી તા.કાંકરેજ જી.બનાસકાંઠા (૨) મહેશજી દિનેશજી ઠાકોર ઉ.વ.૨૩ ધંધો.મજુરી રહે.થરા ખાડીયા વિસ્તાર તા.કાંકરેજ જી.બનાસકાંઠા (૩) મુકેશજી બાબુજી જાતે.ઠાકોર ઉ.વ.૩૧ ધંધો.ખેતી રહે.વડા ખેત્રાવાસ તા.કાંકરેજ જી.બનાસકાંઠા (૪) જગદીશસિંહ રાજુભા સોલંકી ઉ.વ.૩૪ ધંધો.ખેતી રહે.થરા નંદનવન સોસાયટી તા.કાંકરેજ જી.બનાસકાંઠા (૫) રીજવાન સુલતાનભાઇ કુરેશી ઉ.વ.૨૭ ધંધો.ગેરેજકામ રહે.પાટણ રેલ્વે સ્ટેશનની બાજુમા તા. જી.પાટણ થરા જુના પોલીસ ક્વાટર્સ પાસે ખુલ્લામા મારૂતી સુજુકી કંપનીની સ્વીફ્ટ DZIRE મોડલની ગાડી નં. GJ-08-CC-7661 ની ગાડીમા બેસી ગે.કા.અને વગર પાસ પરમીટે જાહેરમાં ગંજીપાના વડે હારજીતનો પૈસાનો પાના વડે જુગાર રમી રોકડ રકમ રૂા.૧૨,૫૨૦/- તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂા.૦૦/૦૦ તથા મારૂતી સુજુકી કંપનીની સ્વીફ્ટ DZIRE મોડલની ગાડી નં.GJ-08-CC-7661 ની ગાડીની કિ.રૂ. ૩,૦૦,૦૦૦/- મળી કુલ મુદામાલ કિ.રૂા.૩,૧૨,૫૨૦/- સાથે પોલીસ રેઇડ દરમ્યાન પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ થરા પો.સ્ટે.પાર્ટ-બી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૫૧૨૪૦૭૦૪/૨૦૨૪ જુગાર ધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૭)

તા.૨૮/૧૨/૨૦૨૪ કલાક ૦૫/૦૦ વાગે મોજે ગુંદરી પોલીસ ચેક પોસ્ટ આ કામના તહોદાર લકઝરી બસ નંબર RJ.19.PC.0099 ના ચાલક ગોપાલસિંહ પ્રતાપસિંહ રાજપૂત (ભાટી) રહે.રૂપસીયો કી ઢાણી દલપતપુરા તા.ભણીયાણા જી. જેસલમેર (રાજ.) તથા કલીનર વભુતારામ કલારામ જાટ (ચૌધરી) રહે.ઇન્દ્રાવાસ ખડીન તા.રામસર જી.બાડમેર (રાજ.) તથા દારૂ ભરાવનાર સુરેશ વૈશ્ણવ મો.નં.૭૩૦૦૧૧૬૩૪૭ વાળા ઇસમએ એકબીજાના મેળાપીપણામાં ગુજરાત રાજયમાં દારૂ ધુસાડવાનું ષડયંત્ર રચી પોતાના કબજા હેઠળની લકઝરી બસમાં માં ગે.કા.વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ બોટલ નંગ- ૧૫૩૬ કુલ કિમત રૂપિયા ૨,૬૧,૧૨૦/- તથા લકઝરી બસ કિમત રૂ.૨૦,૦૦,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૩ કિમત રૂપિયા ૧૦,૫૦૦/- એમ મળી કુલ કિમત રૂપિયા ૨૨,૭૧,૬૨૦/- ના મુદામાલ સાથે હેરા ફેરી કરી લઇ આવતાં ચાલક તથા કલીનર પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ પાંથાવાડા પો.સ્ટે. પાર્ટ C ગુ.ર.નં ૧૧૧૯૫૦૩૬૨૪૦૭૨૦/૨૦૨૪ પ્રોહી કલમ.૬૫AE, ૧૧૬(૨), ૮૧, ૮૩,૯૮(૨), મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૮)

તા.૨૯/૧૨/૨૦૨૪ ના ક.૧૦/૫૦ વાગે મોજે રામસણ ગામની સીમમા આ કામનો પીકપ ડાલુ રજી નં. GJ.02.AT.3562 નો ચાલક પોતાના કબ્જા ભોગવટાની ગાડીમા ગે.કા અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલ કુલ નંગ.૩૯૨૮ કુલ કિ.રૂ.૪,૯૪,૯૮૦/- તથા પીકપ ડાલુ કિ.રૂ.૩,૦૦,૦૦૦/- તથા સર્વિસ બુક કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ કિ.રૂ.૭,૯૪,૯૮૦/- ના મુદ્દામાલની હેરા ફેરી કરતા પોલીસ નાકાબંધી દરમ્યાન ગાડી મુકી નાસી જઇ ગુનો કરેલ હોઇ વડગામ આગથળા પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૧૨૪૦૫૮૬/૨૦૨૪ પ્રોહી એક્ટ કલમ.૬૫એઇ, ૧૧૬(બી),૯૮(૨),૯૯ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૯)

તા.૨૯/૧૨/૨૦૨૪ ના કલાક.૧૦/૩૦ વાગે મોજે રામપુરા ચોકડી આગળ આ કામના આરોપી પીરાભાઇ સ/ઓ ડુંગરીજી રાવતાજી રબારી ઉવ.૩૦ ધંધો.ડ્રાઇવીંગ રહે.ઢોલીયા તા.અમીરગઢ જી.બનાસકાંઠા મોનં.૯૨૬૫૩૮૩૨૦૧ વાળો પોતાના કબ્જા ભોગવટા ના બોલેરો પીકપ ડાલુ રજી નં. GJ-06-BV-0966 ની પાછળના ભાગે ટામેટાના કેરેટની આડમાં ગે.કા અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુની પેટી નંગ.૮૮ બોટલ નંગ.૨૩૪૦ કિ.રૂ. ૪,૭૫,૫૩૬/-ભરી હેરાફેરી કરતા બોલેરો પીકપ ગાડી કિ.રૂ.૩,૦૦,૦૦૦/- તથા મોબાઇલ નંગ-

૦૧ કિ.રૂ.૫,૦૦૦/- ખાલી કેરેટ નંગ.૨૦ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ મુદ્દામાલ કિરૂ.૭,૮૦,૫૩૬/-ની હેરાફેરી કરી પોલીસ નાકાબંધી દરમ્યાન પકડાઇ ગઇ તથા આ કામે પકડાયેલ દારુનો જથ્થો ભરી મોકલી આપનાર શ્રવણસિંહ કરણસિંહ પરમાર(રાજપુત) રહે.ચનાર તા.આબુરોડ (રાજસ્થાન) તથા દારૂનો જથ્થો લેવા આવનાર હિમંતસિંહ વિક્રમસિંહ ચાવડા રહે.વસઇ મોનં.૯૮૯૮૯૮૫૧૩૦ તથા સિધ્ધરાજસિંહ ઉર્ફે કાળુભા બહાદુરસિંહ ચાવડા રહે.પઢારીયા મોનં.૬૩૫૪૫૦૭૭૪૪ વાળાઓ હાજર નહી મળી આવી એકબીજાઓએ ષડયંત્ર રચી વિદેશી બનાવટના દારૂનો જથ્થો અન અધિકૃત રીતે ચોરી છુપીથી ગુજરાતમાં ઘુસાડવાનુ ગુનાહીત કાવતરુ રચી ગુનો કરેલ હોઇ પા.શહેર પુર્વ પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૩૪૨૪૧૧૦૯/૨૦૨૪ ગુજરાત નશાબંધી અધિ.૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી(સુધારા) અધિ.૨૦૧૬ ની ક. ૬૫એઇ,૧૧૬(બી),૯૮ (૨),૮૧,૮૩ તથા ભારતીય ન્યાય સંહીતા કલમ.૧૧૧(૩),(૪) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૧૦)

તા.૨૯/૧૨/૨૦૨૪ ના કલાક – ૧૭:૪૫ વાગે મોજે સમૌ મોટા ગામે જૈન દેરાસર બાજુમાં આવેલ ભુરસિંગ ચેલસિંગ જાદવના ઘરની બહાર ખુલ્લી જગ્યામાં આ કામેના કોલમ નંબર – ૨ માં જણાવેલ આરોપીઓએ(૧) વિરમસિંગ વિહુભા જાદવ ઉવ.૨૫ ધંધો-ખેતી રહે.સમૌ મોટા તા.ડીસા જી.બનાસકાંઠા મો.નં.૭૬૨૩૮૪૮૪૨૩ (૨) ભારતસિંગ ધુડસિંગ જાદવ ઉવ.૪૪ ધંધો-ખેતી રહે.સમૌ મોટા તા.ડીસા જી.બનાસકાંઠા મો.નં.૯૬૦૧૭૭૫૪૮૨ (૩) મોડણસિંગ પથુસિંગ જાદવ ઉવ.૪૦ ધંધો-ખેતી રહે.સમૌ મોટા તા.ડીસા જી.બનાસકાંઠા મો.નં.૯૮૯૮૧૨૮૫૫૧ (૪) શક્તિસિંગ વજેસિંગ જાદવ ઉવ.૨૪ ધંધો-ખેતી રહે.સમૌ મોટા તા.ડીસા જી.બનાસકાંઠા મો.નં.૯૬૮૭૭૭૪૯૫૬ (૫) મોબતસિંગ વેલસિંગ જાદવ ઉવ.૩૦ ધંધો-ખેતી રહે.સમૌ મોટા તા.ડીસા જી.બનાસકાંઠા મો.નં.૯૦૮૧૬૨૨૭૧૬ કોલમ નંબર : ૬ માં જણાવેલ જગ્યાએ જાહેરમાં ગંજીપાના વડે રૂપિયાની હારજીતનો જુગાર રમી-રમાડી રોકડા રૂપિયા-૨૦,૩૧૦/- તથા ગંજીપાના નંગ- ૫૨, કિં.રૂા. ૦૦/- તથા મોબાઇલ ફોન નંગ -૦૩ કિ.રૂ.૧૫૦૦૦/-એમ કુલ્લે રૂપિયા ૩૫,૩૧૦/-ના મુદ્દામાલ સાથે ઉપરોકત તમામ ઇસમો પકડાઇ જઇ ગુન્હો કરેલ હોઇ ડીસા રૂરલ પો.સ્ટે.પાર્ટ-બી.ગુ.ર.નં.11195019241287/2024,ધી જુગાર ધારા કલમ- ૧૨ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.